અનુસંધાન... પાના પહેલાનું

યુક્રેનના બંદર...

હતા. યુક્રેનની સીપોર્ટ્સ ઓથોરિટીએ જણાવ્યું કે આખી રાત શોધ અને બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી, જેમાં નવ ક્રૂ મેમ્બર્સ અને એક મેરીટાઈમ પાયલોટનું મોત થયું છે. જહાજના 17 ક્રૂ મેમ્બર્સમાંથી આઠ લોકોને બચાવી લેવાયા હતા. LSEG ડેટા અનુસાર, આ જહાજ મુંબઈ સ્થિત ઓસન ગ્રેસ શિપિંગ લિમિટેડની માલિકીનું છે. હુમલા સમયે જહાજ પર પાંચ ભારતીય નાગરિકો સહિત 17 ક્રૂ સભ્યો સવાર હતા. ભારતીય વિદેશ મંત્રાલયે મૃતકોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરતા અને ઈજાગ્રસ્ત ક્રૂ મેમ્બર ઝડપથી સ્વસ્થ થાય તેવી કામના કરતા જણાવ્યું કે, યુક્રેનમાં આવેલું અમારું મિશન સ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે અને અસરગ્રસ્તોને શક્ય તમામ મદદ પૂરી પાડવાના પ્રયાસો કરી રહ્યું છે. ભારતે આ હુમલાની સખત શબ્દોમાં નિંદા કરતા કહ્યું કે, કોમર્શિયલ શિપિંગને નિશાન બનાવવું અને નાગરિક ક્રૂના જીવનને જોખમમાં મૂકવું અથવા દરિયાઈ વહાણવટા અને વેપારની સ્વતંત્રતામાં બાધા ઊભી કરવી એ ખેદજનક છે અને તેનાથી બચવું જોઈએ.

ભારતનું ઓપરેશન...

છે. આ ઘટનાના થોડા જ કલાકોમાં, દેશની નેશનલ સાયબર ક્રાઈમ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NCCIA) એ નોરીન નિયાઝીને સેના અને રાજ્યની સંસ્થાઓને લક્ષ્ય બનાવીને ખોટી, વાંધાજનક અને ઉશ્કેરણીજનક સોશિયલ મીડિયા સામગ્રી ફેલાવવાના આરોપસર સમન્સ પાઠવ્યા છે. નોટિસમાં જણાવાયું છે કે, "તમે રાજ્યની સંસ્થાઓને બદનામ કરવા અને ખોટી વાર્તાઓ ફેલાવવા માટે ખોટી, વાંધાજનક અને ઉશ્કેરણીજનક સોશિયલ મીડિયા સામગ્રીનો પ્રચાર-પ્રસાર કરતા જોવા મળ્યા છો." નિયાઝીએ કોઈપણ પુરાવા આપ્યા વિના બે વિસ્ફોટક દાવા કર્યા છે. પ્રથમ, તેમણે આરોપ લગાવ્યો કે ઈઝરાયેલ સાથે સંકળાયેલી એક "છૂપી સમજૂતી"ના કારણે ભારતે જાણીજોઈને યુદ્ધ વધારવાનું ટાળ્યું હતું. તેમના જણાવ્યા મુજબ, આ ઘટનાનો હેતુ ઈસ્લામાબાદ માટે 'એબ્રાહમ એકોર્ડ્સ'માં પ્રવેશ સરળ બનાવવાનો હતો, જેથી પાકિસ્તાન ઈઝરાયેલને માન્યતા આપવા તરફ આગળ વધે. આ માટે પાકિસ્તાનને સમજાવવા માટે ટ્રમ્પે તેને આ યુદ્ધમાંથી સન્માનજનક રીતે બહાર કાઢવા માટે યુદ્ધ વિરામ કરાવ્યો હતો એમ નોરિને કહ્યું છે.

પેટ્રોલમાં 20%થી...

કંપનીઓ (OMCs) અને સંશોધન સંસ્થાઓ સામેલ છે, તેમની સાથે વિગતવાર વૈજ્ઞાનિક અને તકનીકી અભ્યાસ અને પરામર્શ પછી જ લેવામાં આવશે. ગોપીએ જણાવ્યું હતું કે ભારતે નિર્ધારિત સમય મર્યાદા કરતાં પાંચ વર્ષ વહેલા ૨૦ ટકા મિશ્રણનો લક્ષ્યાંક હાંસલ કરી લીધો છે, જેમાં બે દાયકાથી વધુ સમયના તબક્કાવાર અમલીકરણ પછી, સરેરાશ મિશ્રણ ૨૦૧૩-૧૪માં લગભગ ૧.૫૩ ટકાથી વધીને ૨૦૨૫-૨૬ના સપ્લાય વર્ષમાં ૨૦ ટકા થયું છે. તેમણે જણાવ્યું હતું કે, ૨૦૧૪-૧૫થી આ કાર્યક્રમે વિદેશી હૂંડિયામણમાં ૧.૯૩ ટ્રિલિયન (લાખ કરોડ) રૂપિયાથી વધુની બચત કરી છે, આશરે ૩૧૬ લાખ ટન ક્રૂડ ઓઈલનો વપરાશ ઘટાડ્યો છે, આશરે ૯૫૨ લાખ ટન કાર્બન ડાયોક્સાઈડનું ઉત્સર્જન અટકાવ્યું છે અને ખેડૂતોની આવકમાં રૂ. ૧.૬૬ લાખ કરોડથી વધુની વધારાની આવક ઊભી કરી છે.

દિલ્હીમાં CJPની...

હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે, પ્રદાને સંસદ ભવન પરિસરમાં આવેલી શાહની ઓફિસમાં તેમની સાથે મુલાકાત કરી હતી. આ બેઠકમાં શું ચર્ચા થઈ તે તાત્કાલિક જાણી શકાયું નથી. તેના સ્થાપક અભિજીત દીપકેના નેતૃત્વ હેઠળ સીજેપી નીટ પરીક્ષામાં કથિત અનિયમितતા બદલ પ્રધાનના રાજીનામા, પરીક્ષા પદ્ધતિમાં સુધારા અને પ્રભાવિત વિદ્યાર્થીઓ માટે ન્યાયની માંગ સાથે 20 જૂનથી જંતર-મંતર પર વિરોધ પ્રદર્શન કરી રહ્યું છે. આ સંગઠને સંસદના ચોમાસુ સત્રના પ્રથમ દિવસે સોમવારે 'ચલો સંસદ' માર્ચનું આહ્વાન કર્યું હતું.

હિમાલયન રાજ્યોમાં...

પૂર્વ ભારતમાં ચોમાસું સક્રિય રહેવાની શક્યતા છે. હવામાન કાર્યાલયના જણાવ્યા અનુસાર, બંગાળની ખાડી પર સર્જાયેલી લો-પ્રેશર સિસ્ટમ નબળી પડવાને કારણે અને ઉત્તર ભારત પર ચોમાસાના પવનો મજબૂત થવાને લીધે આ સક્રિય ચોમાસાની સ્થિતિ સર્જાઈ છે. જમ્મુ-કાશ્મીર સૌથી વધુ પ્રભાવિત રહ્યું છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, જમ્મુમાં વરસાદ સંબંધિત ઘટનાઓમાં એક માતા અને તેના બે બાળકો સહિત ઓછામાં ઓછા 11 લોકોના મોત થયા છે, જેથી છેલ્લા બે દિવસમાં મૃત્યુઆંક વધીને 23 થયો છે. સાત લોકો હજુ પણ લાપતા છે. એક કાળજું કંપાવી દે તેવી ઘટનામાં, પૂંછના લોરનના ઉપરના વિસ્તારમાં ભારે વરસાદને કારણે થયેલા ભૂસ્ખલનને લીધે માટીનું મકાન ધસી પડતાં એક મહિલા અને તેના બે બાળકો સહિત સાત લોકો જીવતા દટાઈ ગયા હતા, તેમ અધિકારીઓએ જણાવ્યું હતું. ભારે વરસાદને કારણે બસ પર પથ્થર ધસી આવતા ત્રણનાં મોતનો પણ બનાવ બન્યો હતો તથા સાતને ઈજા થઈ હતી. સોમવારે અસમમાં પૂરની પરિસ્થિતિ વધુ ગંભીર બની છે. એક સત્તાવાર બુલેટિન અનુસાર, રાજ્યના ૧૫ જિલ્લાઓમાં લગભગ ૩.૬૩ લાખ લોકો પૂરથી પ્રભાવિત થયા છે અને વધુ પાંચ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. અસમ રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન મંડળએ જણાવ્યું કે, જોરહાટ જિલ્લામાં પૂરના પાણીમાં ડૂબી જવાથી બે પુરુષો અને બે છોકરીઓના મોત થયા છે, જ્યારે કાર્બી આંગલોંગ જિલ્લામાં અન્ય એક વ્યક્તિનું મૃત્યુ થયું છે. આ નવા મૃત્યુ સાથે આ વર્ષે પૂરમાં જીવ ગુમાવનારાઓનો કુલ આંકડો વધીને ૧૦ થઈ ગયો છે.ઉત્તરાખંડમાં સતત પડી રહેલા વરસાદને કારણે થયેલા ભૂસ્ખલનને લીધે ચાર રાષ્ટ્રીય ધોરીમાર્ગો સહિત લગભગ 150 રસ્તાઓ બંધ થઈ ગયા છે.

બાગેશ્વર જિલ્લાના કપકોટ વિસ્તારમાં સરયૂ નદીના ધસમસતા પ્રવાહમાં આઠ વર્ષનું એક બાળક તણાઈ ગયું હતું. હિમાચલ પ્રદેશમાં હવામાન વિભાગ દ્વારા જાહેર કરાયેલા રેડ એલર્ટને પગલે 21 જુલાઈના રોજ કાંગડા, મંડી અને સિરમોરમાં તમામ શૈક્ષણિક સંસ્થાઓ બંધ રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે. ભારે વરસાદને કારણે, સોમવારે અરુણાચલ પ્રદેશના ચાર જિલ્લાઓમાં ફરી પૂર અને ભૂસ્ખલનની ઘટનાઓ સામે આવી હતી.

દિલ્હી ડાયરી...

ઉત્તર પ્રદેશ સરકારના ઉચ્ચ સ્તરોમાં બેઠેલાં અન્ય મોટાં માથાંઓ, જેઓ રામ મંદિર સાથે નજીકથી જોડાયેલાં છે, તેઓ સામે કાર્યવાહી થશે કે નહીં તે જોવાનું બાકી છે. અત્યાર સુધી માત્ર નાના કર્મચારીઓ પર જ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

અનુસંધાન... પાના છેલ્લાનું

સુરતનું GEN Z...

દિલ્હીમાં સોનમ વાંગચુક અને તેમના સાથીઓ સાથે થયેલી કાર્યવાહી સામે રોષ વ્યક્ત કરવા માટે મોટી સંખ્યામાં સામાજિક કાર્યકરો, શિક્ષકો, ડોક્ટરો, વિદ્યાર્થીઓ અને જાગૃત નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કલેક્ટર કચેરી પરિસર 'ઇન્ક્લાબ જિંદાબાદ', 'ન્યાય આપો' અને લોકશાહી બચાવવાના સૂત્રોચ્ચારોથી ગુંજી ઉઠ્યું હતું. સુરતમાં પાટીદાર આંદોલન પછી આ પહેલું આંદોલન છે જેમાં યુથ જોડાયું છે. જે આક્રમકતાથી વિદ્યાર્થીઓ અને જાગૃત નાગરિકો બુલંદ અવાજ લગાવી રહ્યાં હતા તે જોતા લડત લાંબી ચાલે તેવા સંકેત મળી રહ્યાં છે.

પ્રદર્શનકારીઓએ હાથમાં બેનરો, પોસ્ટરો અને સોનમ વાંગચુકની તસવીરો સાથે સરકાર સામે પોતાની માંગણીઓ રજૂ કરી હતી. ઉપસ્થિત લોકોનું કહેવું હતું કે શાંતિપૂર્ણ રીતે પોતાની વાત રજૂ કરનારા લોકો સામે બળપ્રયોગ કરવો લોકશાહી મૂલ્યોને અનુરૂપ નથી. વિરોધમાં જોડાયેલા લોકોએ સરકારને સંવાદનો માર્ગ અપનાવવાની અપીલ કરી હતી. વિરોધ દરમિયાન પ્રદર્શનકારીએ શિક્ષણ વ્યવસ્થાને દેશના વિકાસનું સૌથી મહત્વપૂર્ણ સાધન ગણાવ્યું હતું. તેમણે જણાવ્યું કે રોટી, કપડાં અને મકાન જેવી મૂળભૂત જરૂરિયાતો સુધી પહોંચવાનો સૌથી મજબૂત માર્ગ ગુણવત્તાયુક્ત શિક્ષણ છે. જો શિક્ષણ વ્યવસ્થા મજબૂત નહીં બને તો દેશનો સર્વાંગી વિકાસ શક્ય નથી. તેમણે દેશના દરેક નાગરિકને શિક્ષણ અને વિદ્યાર્થીઓના હિત માટે અવાજ ઉઠાવવાની અપીલ કરતાં કહ્યું કે માત્ર સરકાર પર નિર્ભર રહેવાને બદલે સમાજે પણ પોતાની જવાબદારી સમજવી જોઈએ. પ્રદર્શનકારીઓએ શિક્ષણ ક્ષેત્રમાં પારદર્શિતા અને જવાબદારીની માંગ સાથે કેન્દ્ર સરકાર સમક્ષ યોગ્ય પગલાં લેવાની માંગ કરી હતી.

8 ઇંચ...

વરસ્યો હતો. ભારે વરસાદને પગલે શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં જનજીવન પ્રભાવિત થયું હતું, જ્યારે અનેક માર્ગો પર પાણી ભરાઈ જતાં વાહનવ્યવહારને અસર પહોંચી હતી. સૌથી વધુ વરસાદ જલાલપોર તાલુકામાં નોંધાયો હતો.

નવસારી શહેરમાં શાંતાદેવી રોડ, ગ્રીડ રોડ અને અન્ય મુખ્ય માર્ગો પર કલાકો સુધી વરસાદી પાણી ભરાયેલા રહ્યા હતા. ખાસ કરીને છાપરા રોડ વિસ્તારમાં પાણીના ધીમા નિકાલને કારણે અનેક દુકાનોમાં વરસાદી પાણી ઘૂસી જતાં વેપારીઓને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો અને વેપાર-ધંધો પણ પ્રભાવિત થયો હતો.

જિલ્લામાં મેઘમહેર...

જિલ્લામાં વાતાવરણ ખુશનુમા બન્યું હતું. દિવસભર વાદળછાયું વાતાવરણ રહેતાં ગરમીમાં રાહત અનુભવાઈ હતી. હવામાન વિભાગના જણાવ્યા મુજબ મહત્તમ તાપમાન અડધો ડિગ્રી ઘટીને 30.3 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન 25.6 ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું. હવામાં 83 ટકા ભેજ નોંધાયો હતો અને દક્ષિણ-પૂર્વ દિશામાંથી પ્રતિ કલાક 6 કિલોમીટરની ઝડપે પવન ફૂંકાયો હતો. આગામી દિવસોમાં પણ મધ્યમથી ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી હોવાથી નાગરિકોને જરૂરી સાવચેતી રાખવા સૂચના આપવામાં આવી છે.

હાઈકોર્ટ લાલઘૂમ...

ગંભીર આક્ષેપો અને વોટ્સએપ મેસેજ જેવા પ્રથમદર્શી પુરાવા હોવા છતાં તેમની સામે પ્રાથમિક તપાસ કેમ શરૂ કરાઈ નથી અને તેઓ હજુ પણ હોદ્દા પર કેવી રીતે ચાલુ છે તે અંગે કોર્ટે સરકારને વેધક સવાલો કર્યા હતા. સાથે જ 150 પરિવારોને કાયદાકીય પ્રક્રિયા વિના રસ્તા પર લાવી દેવામાં આવ્યા હોવાની ગંભીર નોંધ લઈ, પુનર્વસન કરદાતાઓના નહીં પરંતુ દોષિતોના ખર્ચે થવું જોઈએ તેવી કડક ટકોર કરતાં રાજ્ય સરકારની તપાસ પ્રક્રિયાને પણ 'આંખમાં ધૂળ નાંખવા સમાન' ગણાવી હતી.

સુરતના વેડ રોડ સ્થિત નાસીરનગરમાં 150થી વધુ મકાનોના કથિત ગેરકાયદે ડિમોલીશન મામલે ગુજરાત હાઈકોર્ટે આજે રાજ્ય સરકાર અને સુરત મહાનગરપાલિકા સામે અત્યંત આકરા શબ્દોમાં અસંતોષ વ્યક્ત કરતાં સમગ્ર કાર્યવાહી પર ગંભીર સવાલો ઉઠાવ્યા હતા. હાઈકોર્ટે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, માત્ર નાના અધિકારીઓને સસ્પેન્ડ કરીને સરકાર હાઈકોર્ટની આંખમાં ધૂળ નાંખવાનો પ્રયાસ ન કરે. જ્યારે સમગ્ર ઘટનામાં ગંભીર આક્ષેપો મ્યુનિસિપલ કમિશનર એમ. નાગરાજન સામે થયા છે, ત્યારે તેઓ હજુ પણ હોદ્દા પર કેવી રીતે ચાલુ છે ? કોર્ટની ટકોરથી સરકાર અને કોર્પોરેશન બંને બચાવની સ્થિતિમાં આવી ગયા હતા.

સુનાવણી દરમિયાન હાઈકોર્ટે રાજ્ય સરકારને પૂછ્યું હતું કે, જો નીચલા કક્ષાના પાંચ કર્મચારીઓને સસ્પેન્ડ કરી શકાય છે તો મ્યુનિસિપલ કમિશનર સામે પ્રાથમિક તપાસ શરૂ કરવામાં શું વાંધો છે? ન્યાય માત્ર થવો જ નહીં, પરંતુ થતો દેખાવવો પણ જોઈએ. આક્ષેપિત વ્યક્તિને હોદ્દા પર જ રાખીને નિષ્પક્ષ તપાસ શક્ય નથી.

રાજ્યની હાલની કાર્યવાહીથી તો સરકારી તંત્રની સંડોવણી હોવાનો આભાસ ઊભો થઈ રહ્યો છે. આજે થયેલી સુનાવણીમાં હાઈકોર્ટે રાજ્ય સરકાર અને સુરત મહાનગરપાલિકાની કામગીરી સામે વધુ કડક વલણ અપનાવતાં સમગ્ર કેસમાં જવાબદાર અધિકારીઓ સામે નિષ્પક્ષ અને અસરકારક તપાસની આવશ્યકતા પર ભાર મૂક્યો હતો.

હાઈકોર્ટ સસ્પેન્ડેડ...

માત્ર એટલું કહ્યું કે તે નિયમિત વહીવટી ફોરવર્ડ હતો. જેના પર કોર્ટે સવાલ કર્યો કે, જો માત્ર સામાન્ય ફોરવર્ડ હતો તો પછી 'ASAP ડિમોલીશન પૂર્ણ કરો' જેવા સંદેશાનો અર્થ શું હતો?

એસઓજીના...

કર્યો હતો. એસઓજીના ડીસીપી રાજદીપસિંહ નકુમ ઘટનાસ્થળે કઈ સત્તાના આધારે હાજર હતા? અને 150 પરિવારોને બેઘર કરવામાં આવ્યા છતાં પોલીસ દ્વારા કોઈ ગુનો નોંધવામાં કેમ આવ્યો નહીં? તેવા સવાલો પણ બેન્ચે કર્યા હતા.

કેનેરા બેંકના...

પત્ની દીપાબેન કેનેરા બેંક ખાતે ગયા હતા અને લોકર ઓપરેટ કરી સોના-હીરાના સેટ, બંગડીઓ, સોનાના બિસ્કીટ તથા ચાંદીની ઈંટ સહિતનો તમામ સામાન ઘરે લઈ આવ્યા હતા. ઘરે આવીને ઘરેણાં અને સામાનની ચકાસણી (વેરિફિકેશન) કરતાં સોનાના બિસ્કીટ બદલાઈ ગયા હોવાની આશંકા ગઈ હતી. આથી, તેઓએ સિટીલાઈટ રોડ પર આવેલા વીરચંદ ગોવિંદજી જ્વેલર્સ ખાતે સોનાના ત્રણ બિસ્કીટની તપાસ કરાવી હતી. જ્વેલર્સની તપાસમાં મોટો ધડાકો થયો હતો કે, આ બિસ્કીટ હોલમાર્ક વગરના હતા અને ૧૦૦ ગ્રામના બદલે માત્ર ૬૫ ગ્રામ વજનના હતા. એટલું જ નહીં, તેમાં માત્ર ૩ ટકા જ સોનું હોવાનું સામે આવ્યું હતું. તા. ૧૮/૦૨/૨૦૨૬ના રોજ બપોરે બેંકમાંથી સામાન કાઢતી વખતે, અથવા ઘરે પહોંચવાના સમયગાળા દરમિયાન રસ્તામાં કે ઘરમાં તપાસ કરતી વખતે કોઈ અજાણ્યા શખ્સે રૂપિયા ૪૫,૦૦,૦૦૦ની કિંમતના અસલ સોનાના બિસ્કીટ ચોરી કરી તેના બદલે ડુપ્લિકેટ બિસ્કીટ મૂકી દઈ છેતરપિંડી આચરી હતી. આ મામલે રીનમભાઈ શાહે અઠવાલાઈન્સ પોલીસમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી બેંકના સીસીટીવી કેમેરા અને સંબંધિત સ્ટાફની પૂછપરછ સહિત આગળની તપાસ હાથ ધરી છે.

મેટ્રોએ...

આ મુદ્દો આવતા તેમણે સ્થળ પર તપાસ કરાવી મેટ્રોનું સામાન અને અન્ય અવરોધો હટાવવાની કામગીરી શરૂ કરાવી હતી. ત્યારબાદ મનપા કમિશનર એમ. નાગરાજને રાત્રિના નિરીક્ષણ દરમિયાન પણ સ્થળની મુલાકાત લીધી હતી. નિરીક્ષણ દરમિયાન ખાડીના વહેણમાં મેટ્રોના કામને કારણે અવરોધ ઉભો થતો હોવાનું જણાતા તેમણે અધિકારીઓને મેટ્રો રેલ કોર્પોરેશન સામે કડક કાર્યવાહી કરવા સૂચના આપી હતી. મનપા કમિશનરે મેટ્રો ઓથોરિટીને નોટિસ ફટકારી ખાડીના કુદરતી વહેણને અવરોધતા તમામ મટીરિયલ્સ, બેરિકેડ્સ અને અન્ય અવરોધો તાત્કાલિક દૂર કરવા આદેશ આપ્યો છે. વરસાદી ઋતુ દરમિયાન ખાડીઓમાં કોઈપણ પ્રકારનો અવરોધ પૂર જેવી સ્થિતિ સર્જી શકે છે. તેથી ખાડીના પ્રવાહને અસર કરતી કોઈપણ કામગીરી સામે મનપા હવે કડક કાર્યવાહી કરશે તેમ અધિકારીઓએ જણાવ્યું છે.

ખેતરના 40...

તે વેળાએ ત્યાં જ ગોથાણ ખાતે કેનાલ પાસે તબેલો ચલાવતો રણછોડભાઈ ઉર્ફે ભાણો આવી પહોંચ્યો હતો અને તેણે ભૂલથી ઢોર ખેતરમાં ઘૂસી ગયા હોવાનું કહી બહાનું બનાવ્યું હતું. પરંતુ મજૂર હિમતભાઈએ તેને ઓળખી બતાવી ખેડૂતને જણાવ્યું હતું કે, આ જ શખ્સે ગઈકાલે જાતે જ તારની વાડ તોડીને ઢોર ખેતરમાં ચરાવ્યા હતા. આ મામલે અરવિંદભાઈ માંગુકીયાએ અમરોલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ગેરકાયદે રીતે ખેતરમાં પ્રવેશી પાકને નુકસાન પહોંચાડવા બદલ આરોપી રણછોડભાઇ ઉર્ફે ભાણો પેથાભાઈ જોગરાણા (ઉ.વ.૩૦, રહે., જય માતાજી હોટેલ પાસે, ગોથાણ, અમરોલી)ની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અનુરાગ કશ્યપ...

બ્રાહ્મણ સમાજને બદનક્ષી થાય તેવી પોસ્ટ મુકતાં અનુરાગ કશ્યપ સામે કોર્ટમાં ફરિયાદ કરનાર એડવોકેટ કમલેશ રાવલે જણાવ્યું હતું કે ફિલ્મ ડિરેક્ટર અનુરાગ કશ્યપ સામે કોર્ટ સમક્ષ હાજર થવા માટે સમન્સ ઈસ્યુ કરાયો હતો. જે અંગે પોસ્ટ તથા ઈ-મેઈલ દ્વારા સમન્સ મોકલવામાં આવ્યો હતો. જે અંગેની મુદતે ફિલ્મ ડિરેક્ટર અનુરાગ કશ્યપ હાજર નહીં થતાં ફરિયાદ પક્ષે ફિલ્મ ડિરેક્ટર સામે ધરપકડ વોરંટ ઈસ્યુ કરવા માટે અરજી આપવામા આવી હતી તેમજ ફરિયાદ પક્ષે ઈ-મેઈલ બાબતે સર્વિસ એફિડેવિટ રજૂ કરવામાં આવી હતી. આજરોજ આ અંગેની સુનાવણી કોર્ટમાં ચાલી હતી અને કોર્ટે ફિલ્મ ડિરેક્ટર અનુરાગ કશ્યપની સામે જામીનપાત્ર ધરપકડ વોરંટ ઈસ્યુ કરવાનો હુકમ કર્યો હતો.

દૂધમાં થતી ભેળસેળ બાબતમાં ચોંકાવનારા ખુલાસાઓ થઈ રહ્યા છે

ભારતમાં જો કોઈ ચીજમાં સૌથી વધુ ભેળસેળ થતી હોય તો તે દૂધ અને ઘી છે. બજારમાં જેટલું પણ કહેવાતું શુદ્ધ દૂધ અને ઘી મળે છે, તેમાંના ૫૦ ટકાથી વધુમાં ભેળસેળ ચાલતી હોય છે. દૂધમાં યુરિયા, શેમ્પુ અને ડિટર્જન્ટ જેવા હાનિકારક પદાર્થો ભેળવવામાં આવે છે તો ઘીમાં વનસ્પતિ તેલથી માંડીને ગાયની ચરબી ઉમેરવામાં આવે છે. એક અંદાજ પ્રમાણે ભારતમાં પ્રતિદિન ૩૦ કરોડ લિટર દૂધનું ઉત્પાદન થાય છે પણ વેચાણ આશરે ૭૦ કરોડ લિટરનું થાય છે. આ વધારાનું ૪૦ કરોડ લિટર દૂધ નકલી હોય છે. નકલી દૂધ બનાવવા માટે પાણીમાં દૂધનો પાવડર, યુરિયા, પામોલિન અને ડિટર્જન્ટ ઉમેરવામાં આવે છે અને ગાઢું મિશ્રણ તૈયાર કરવામાં આવે છે. આવું ૧,૫૦૦ લિટર મિશ્રણ તૈયાર કરીને તેની ગાય કે ભેંસના ૫૦૦ લિટર દૂધમાં મિલાવટ કરવામાં આવે છે. આ દૂધ વારણા કે અમૂલ જેવી મોટી ડેરીઓમાં પણ ભરવામાં આવે છે.

ડેરીમાં માત્ર ચરબીની માપણી કરીને દૂધ ખરીદી લેવામાં આવે છે, પણ તેમાં યુરિયા કે ડિટર્જન્ટની ચકાસણી કરવામાં આવતી નથી. ખાનગી ડેરીઓ અને તબેલાઓ દ્વારા પણ જે દૂધ વેચવામાં આવે છે, તેમાં પણ બેફામ ભેળસેળ કરવામાં આવે છે.મહારાષ્ટ્રના ફુડ એન્ડ ડ્રગ્સ કમિશનર તુકારામ મુંઢે દ્વારા તાજેતરમાં જે ભેળસેળવિરોધી ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે, તેમાં ચોંકાવનારી હકીકતો બહાર આવી રહી છે. તુકારામ મુંઢે દ્વારા મુંબઈની પ્રતિષ્ઠિત પારસી ડેરી પર દરોડા પાડવામાં આવ્યા તેમાં પણ અનેક જાતની ભેળસેળ જોવા મળી હતી. તુકારામ મુંઢે દ્વારા પારસી ડેરી બંધ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. મહારાષ્ટ્રના પુણે જિલ્લાના મંચર અને અંબેગાંવ તાલુકામાં દૂધમાં ભેળસેળ જણાતાં ખાનગી ડેરીના માલિકો દ્વારા તુકારામ મુંઢેના ડરથી લાખો લિટર નકલી દૂધ નદીમાં વહાવી દેવામાં આવ્યું હતું. તુકારામ મુંઢે દ્વારા માત્ર નાના દુગ્ધ ઉત્પાદકો સામે જ કાર્યવાહી કરવામાં આવે છે, તેવું નથી. તાજેતરમાં તેમણે ખાનગી ક્ષેત્રની ગોવર્ધન અને સોનાઈ જેવી મોટી ડેરીઓ સામે પણ કાર્યવાહી કરી છે. તેમના દૂધના નમૂનાઓ લઈને લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે. આ કાર્યવાહીમાં બહાર આવ્યું છે કે મહારાષ્ટ્રમાં સહકારી ક્ષેત્રના કેટલાક રાજકીય નેતાઓ પણ આ ભેળસેળમાં જોડાયેલા છે. પુણે જિલ્લાના મંચર વિસ્તારમાં ફુડ સેફ્ટી વિભાગે નકલી દૂધ ઉત્પાદનના એક મોટા રેકેટનો પર્દાફાશ કર્યો છે અને આ કેસમાં મંચર પોલીસ સ્ટેશનમાં ૨૬ લોકો સામે કેસ નોંધવામાં આવ્યો છે. આ કાર્યવાહી દરમિયાન લગભગ ૨ લાખ ૪ હજાર ૪૯૦ રૂપિયાનો માલ અને ૧ હજાર ૩૮૫ કિલો ભેળસેળયુક્ત સામગ્રી જપ્ત કરવામાં આવી છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે આરોપીઓની કામગીરીનો વિસ્તાર પુણે, અહિલ્યાનગર, સોલાપુર અને થાણે જિલ્લા સુધી વિસ્તર્યો છે. તપાસ એજન્સીઓ આ કેસનો વ્યાપ વધુ વ્યાપક હોવાની શક્યતા વ્યક્ત કરી રહી છે અને વધુ તપાસ ચાલુ છે. અત્યાર સુધીમાં પોલીસે ૧૩ આરોપીઓની ધરપકડ કરી છે. બરાબર ૧૫ વર્ષ પહેલાં કોર્ટે દૂધ ભેળસેળ કેસમાં સંદીપ કાંતિલાલ લોઢાને નિર્દોષ જાહેર કર્યા હતા. મંચર દૂધ કૌભાંડમાં તેમનું નામ ફરી સામે આવતાં તેમને ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવ્યા છે.

મહારાષ્ટ્રના સિન્નર તાલુકામાં દૂધમાં ભેળસેળ કરવા માટે વપરાતા દૂધના પાવડરનો મોટો જથ્થો જપ્ત થયા બાદ કમિશનર તુકારામ મુંઢે સમક્ષ માંગણી કરવામાં આવી છે કે આ કેસનો મુખ્ય સૂત્રધાર હજુ પણ ફરાર હોવાથી તેની સામે કાર્યવાહી કરવામાં આવે. સામાજિક કાર્યકર ભાઉસાહેબ બૈરાગીએ આ અંગે તુકારામ મુંઢેને સીધી ફરિયાદ નોંધાવી છે. તેમણે તાલુકામાં નકલી દૂધ કેસના રેકેટ અને તેના વ્યાપ વિશે વિગતવાર માહિતી આપી હતી. તેમણે આ કૌભાંડમાં ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગના કેટલાક અધિકારીઓની સંડોવણી બાબતમાં માહિતી આપી હતી.

ભેળસેળયુક્ત દૂધને ટકાઉ બનાવવા માટે તેમાં બેકિંગ સોડા, વોશિંગ સોડા, વોશિંગ પાવડર અને યુરિયા જેવા પદાર્થો ભેળવવામાં આવે છે. દૂધમાં પાણી ઉમેરીને તેનું પ્રમાણ વધારવાથી તેનું SNF (ઘન પદાર્થોથી મુક્ત ચરબી) ઘટે છે. આને ટાળવા માટે તેમાં લેક્ટોઝ, ખાંડ, ગ્લુકોઝ, લોટ અને મેંદા જેવા સ્ટાર્ચ, તેમ જ મીઠું, યુરિયા, સ્કીમ મિલ્ક (દૂધ પાવડર) ઉમેરવામાં આવે છે. દૂરના વિસ્તારોમાં દરરોજ એકત્રિત કરવામાં આવતું દૂધ એક જ સમયે એક સંગ્રહકેન્દ્રમાં એકત્રિત કરવામાં આવે છે. ત્યાં પણ દૂધને સાચવવા માટે તેમાં બેકિંગ સોડા, વોશિંગ સોડા, વોશિંગ પાવડર, યુરિયા વગેરે જેવા પદાર્થો ભેળવવામાં આવે છે. ભેળસેળયુક્ત અસાધ્ય રોગોનું કારણ બની શકે છે. ભેળસેળયુક્ત દૂધનું સેવન કરવાથી ક્ષય રોગ થઈ શકે છે. દૂધમાં યુરિયાની ભેળસેળ કરવાથી કિડની, હૃદય અને લીવર જેવાં અંગો નિષ્ફળ જઈ શકે છે કારણ કે તેમાં નાઇટ્રોજન ઘટક હોય છે. ઉપરાંત કોસ્ટિક સોડા સાથે ભેળસેળ કરવાથી શરીરને એમિનો એસિડ લાયસિન મળતું નથી, જે શરીરના વિકાસ માટે જરૂરી છે. પરિણામે નાનાં બાળકોના વિકાસ પર અસર પડે છે અને તેમના શરીરનો વિકાસ અટકી જાય છે. આમાં રહેલાં સોડિયમ જેવાં તત્ત્વો માનવશરીરને અસર કરે છે અને હાઈ બ્લડ પ્રેશર અને હૃદય રોગ જેવા રોગોનું કારણ બને છે. મહારાષ્ટ્ર રાજ્યમાં દૂધની ભેળસેળ રોકવા માટે ફુડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FDA) દ્વારા શરૂ કરાયેલા મોટા અભિયાનનો રેલો મોટી દૂધ ઉત્પાદક કંપનીઓ સુધી પણ પહોંચ્યો છે. બુધવારે FDA ની શાખાએ ઇન્દાપુર અને મંચર પરિસરમાં બે મોટી દૂધ કંપનીઓનું સંપૂર્ણ નિરીક્ષણ કર્યું હતું અને તેમની દૂધ ખરીદી પ્રક્રિયા, સપ્લાયરની માહિતી અને ગુણવત્તા નિયંત્રણ પ્રણાલીની તપાસ કરી હતી. આ તપાસ દૂધ સંગ્રહકેન્દ્રો, ચિલિંગ સેન્ટરો અથવા અન્ય સંબંધિત સંસ્થાઓ વિશે માહિતી એકત્રિત કરવા માટે હાથ ધરવામાં આવી હતી. તેમનો ભેળસેળયુક્ત દૂધ સપ્લાય કરતી ચેઇન સાથે તેમનો કોઈ વ્યાવસાયિક સંબંધ છે કે કેમ તેની ચકાસણી કરવામાં આવી રહી છે. એફડીએ અધિકારીઓએ દૂધ ખરીદીના રેકોર્ડ, સપ્લાયરની વિગતો, ગુણવત્તા ચકાસણી, દસ્તાવેજો અને ઉત્પાદન પ્રક્રિયાઓની તપાસ કરી હતી. અગાઉ, FDA અને પોલીસ વહીવટીતંત્રે પુણે, અહિલ્યાનગર, સોલાપુર, જાલના અને થાણે જિલ્લામાં ૧૩ સંસ્થાઓ પર સંયુક્ત દરોડા પાડ્યા હતા. આ દરોડામાં દૂધની પ્રક્રિયા દરમિયાન તેમાં પાણી, સ્કિમ્ડ મિલ્ક પાવડર, છાશ (ડેરી પરમીટ) પાવડર, ઇમલ્સિફાયર, ડિટર્જન્ટ અથવા શેમ્પૂ અને પામ તેલ ભે